#005 આ પ્રશ્ન આવતું અઠવાડિયું વધુ સારું બનાવશે..😃

“અઠવાડિયું પૂરું થાય એ પહેલાં પોતાને પૂછો – હું શું શીખ્યો?”

દર અઠવાડિયે જીવન આપણને કંઈક શીખવાડે છે.
ક્યારેક સફળતા દ્વારા, તો ક્યારેક ભૂલો દ્વારા.
પણ પ્રશ્ન એ નથી કે શું થયું…
પ્રશ્ન એ છે – એમાંથી હું શું શીખ્યો?

જો અઠવાડિયું પસાર થઈ ગયું અને કંઈ શીખાયું નહીં,
તો એ માત્ર સમય જ ગયો.
પણ જો એક નાની શીખ મળી ગઈ,
તો એ અઠવાડિયું પ્રગતિ બની ગયું.

શીખવાથી જ અનુભવ બને છે,
અને અનુભવથી સમજ.
સમજ આવે ત્યારે જ સાચો વિકાસ શરૂ થાય છે.

આજે રવિવાર કે શુક્રવાર હોવાનો ફરક નથી,
ફરક એ છે કે
“હું ગઈકાલ કરતાં આજે થોડો વધુ સમજદાર થયો છું કે નહીં?”

આ પ્રશ્ન પોતાને પૂછો,
જવાબ મળશે જ… અને
આવતું અઠવાડિયું અવશ્ય વધુ સારુ બનશે.